નમસ્કાર ગાંધીનગર

પમરાટ

માણસની મુઠી વિષે, વસ્તુ નહિ વરતાય;
તો જગદિશ્વરની કળા, અકળિત કેમ કળાય.
કરીએ સારું કોઈનું, એજ ધર્મનું કર્મ;
બીજા કલ્પિત ધર્મ છે, મનમાં સમજો ધર્મ.
તે માટે મનમાં તમે, કરજો પ્રથમ વિચાર;
આ કરવાથી કેટલો, થાશે પરોપકાર

- દલપતરામ

પાથેય

- રમેશ ઠક્કર

સ્વયં સ્ફુરિત લોકો...

ઘણા માણસો મૌનના પર્યાય જેવા હોય છે.પોતાનું કામ ચૂપચાપ કરતા રહેવું એમના સ્વભાવમાં હોય છે.નોકરી કે ધંધામાં જો કોઇ ઉપરી કે અંકુશ રાખનાર વ્યકિત ના હોય તો કોઇ કામ કરે નહીં.દરેક માણસને ટપારવો પડે.એવા લોકો બહુ ઓછા હોય છે જે સ્વયં સ્ફુરિત હોય..કોઇ કહે કે ના કહે પોતાનું કર્મ એ ઇશ્વરે સોંપેલી જવાબદારી સમજી કરતા રહે છે.એમને કુદરતના કર્મ આધારિત નિયમમાં પારાવાર શ્રધ્ધા હોય છે.હમણાં સોશિયલ મિડિયા ઉપર કર્મ આધારિત એક સરસ કથા વાંચવામાં આવી..

એક વખત એક રાજાએ પોતાના ત્રણ મંત્રીઓને બોલાવ્યા. મંત્રીઓ આવ્યા એટલે રાજાએ કહ્યુ , " મારે આજે તમને પ્રજા માટે એક નાનું કામ સોંપવું છે.તમે આપણા બગીચામાં જાવ અને સારા સારા ફળનો એક કોથળો ભરીને લઇ આવો. આ કોથળો ભરીને તમે જે ફળ લાવશો એ હું જરુરીયાત વાળા લોકોને અપાવી દઇશ.

"પ્રથમ મંત્રીએ વિચાર્યુ કે રાજા માત્ર ભરેલો કોથળો જ જોવાના છે એમાં શું છે.એ જોવાની રાજાને ક્યાં ફુરસદ હશે.માટે એણે તો ઘાસ-કચરો જે મળ્યુ તે ભેગુ કરીને કોથળો ભરી દીધો.

બીજો મંત્રી પણ બગીચામાં ગયો અને વિચારવા લાગ્યો, " હું મહેનત કરીને જો ફળ એકઠા કરીશ તો એ ફળ રાજા ક્યાં ખાવાના છે એ તો પ્રજામાં વેંચી દેવાના છે.તો પછી ખોટી મહેનત શું કરવી." એણે ઝાડ પર ચડીને ફળો તોડવાને બદલે નીચે પડેલા અને સડી ગયેલા ફળો એકઠા કરીને પોતાનો કોથળો ભરી લીધો.

ત્રીજો મંત્રી બગીચામાં ગયો. એને રાજાની આજ્ઞાનું પાલન કરીને પ્રજા માટે સારા-સારા ફળો એકઠા કર્યા આ માટે એને ખુબજ મહેનત કરવી પડી પણ રાજાની આજ્ઞા હતી આથી એણે પ્રજા માટે પાકા અને સારા ફળો ભેગા કર્યા.

ત્રણે મંત્રીઓ પોતાના કોથળાઓ ઉપાડીને દરબારમાં ગયા એટલે રાજાએ હુકમ કર્યો કે હવે દરેક મંત્રીને એમના કોથળા સાથે જુદા જુદા ઓરડાઓમાં બંધ કરી દો. એક મહિના સુધી આ મંત્રીઓના ઓરડાના દરવાજાઓ ખોલવાના નથી અને એને કંઇ જ ખાવાનું પણ આપવાનું નથી પ્રજા માટે ભેગા કરેલા ફળો હવે એમને જ ખાવાના છે.

મિત્રો , ભગવાન પણ એ જ રાજા છે અને આપણે બધા એના મંત્રીઓ આપણા કર્મ રૂપી ફળો એકઠા કરવા આ જગત રૂપી બગીચામાં આપણને મોકલ્યા છે કેવા ફળ ભેગા કરવા એ આપણે નક્કી કરવાનું છે પણ એટલુ તો પાક્કુ જ છે કે આપણે ભેગા કરેલા ફળનો કોથળો આપણને મળવાનો છે.તો જાજુ વિચારીને જ સારું કર્મ કરીયે ને સુખની પ્રા!પ્તિ કરીયે..આયખાની ઝોળીમાં સદકર્મો ભરેલા હશે તો વિકટ જીવનપથ ઉપર એ મિત્રતાનો એહસાસ કરાવશે..આખરે તો જીવનનો સાર એક જ લીટી છે.કરો તેવું પામો..વાવો એવું લણો !

ઉફફ.... આ 'ગરમી ' !

રજળપાટ
અજય ઉપાધ્યાય

બે ત્રણ વર્ષ પહેલા મુંબઈમાં કે ઈવન દેશના બીજા આવા જ મહાનગરોમાં ઘર શોધતા એક વ્યક્તિની પ્રાયોરિટી હતી હવા-ઉજાસવાળું , મોટી મોટી બારીવાળું ઘર . પણ આજે એ જ હવા-ઉજાસ , એ જ મોટી મોટી બારી એના માટે માથાનો દુખાવો બની ગઈ છે . કારણ ?.. કારણ સૂર્યદેવનો વધતો પ્રકોપ કે જેને લીધે કાચની બારીઓમાંથી અસહ્ય એવા તાપનો ઉકળાટભર્યો પ્રકાશ ઘરમાં ચેન નથી લેવા દેતો . ભયંકર ગરમી અને તડકાને લીધે હવે બિચારો એ જ મોટી મોટી બારીઓને સાવ ઢાંકીને આખા ઘરમાં એ. સી. ચલાવવા મજબૂર બની ગયો છે . વાત મુંબઈથી હજારો કિલોમીટર દૂર ઉત્તરપ્રદેશના કોઈ નાના ગામની લઈએ કે જ્યાં મકાનની છત પર ઘાસના પૂળાઓ કે દીવાલો પર માટીના લીંપણ થઈ રહ્યા છે . મુંબઈ જેવા શહેરોમાં તો ઠીક કે લાઈટનો પ્રશ્ન ઓછો હોય એટલે એ. સી કે પંખા ચલાવીને પણ રાહત લે પણ નાના શહેરો કે ગામડાઓમાં સતત વીજળી ના આવે એવા સમયે સુરજદાદાનો પ્રકોપ કેમનો સહન કરવો ??? વાત ભલે મુંબઈની કે યુપી ના કોઈ ઈન્ટરીયર ગામડાંની થઈ રહી હોય પણ દર વર્ષે વધુ ને વધુ હોટ થતાં જતાં ઉનાળાને લીધે સમગ્ર ભારતમાં પરિસ્થિતિ લગભગ લગભગ આવી જ ઊકળાટવાળી અને ધીરે ધીરે અસહ્ય બનતી જાય છે .

લોકો ભલે પોતપોતાની રીતે ગરમીથી બચવાના ટોટકા કર્યા કરે પણ હવામાનખાતું તો આનાથી પણ ભયંકર દિવસોની આલબેલ પોકારે છે . ભલે એમ લાગતું હોય કે દેશમાં ઘણી જગ્યાએ માવઠું કે હિમસ્ખલનો થઈ રહ્યા હોય પણ હકીકતમાં માર્ચમાં જ રાજસ્થાનના કેટલાયે ભાગોમાં તાપમાન ૪૦ ડિગ્રી એ પહોંચવા લાગેલું છે તો મુંબઈ , ગુજરાત , આંધ્ર કે ઓડિસામાં પણ સ્થિતિ લગભગ આવી જ થવા જઈ રહી છે . ફેબ્રુઆરી ૨૦૨૩માં દેશમાં રેકોર્ડ તાપમાન નોંધ્યું કે જે જનરલી ના હોવું જોઈએ . હવામાનખાતા મુજબ ફેબ્રુઆરી ૨૩ માં દેશનું સરેરાશ તાપમાન લગભગ ૩૦ ડિગ્રી નોંધાયું જે છેલ્લા અંદાજે ૧૨૨ વર્ષમાં સૌથી ઊંચું છે . ૨૦૨૩ની શરૂઆત જોરદાર ઠંડી સાથે થઈ તો લાગ્યું કે આ વર્ષે ગરમી કદાચ મોડી અને ઓછી પડશે પણ ફેબ્રુઆરીમાં જ ગરમી એનો અસલ તાપ બતાવી દીધો અને હવામાનખાતું તો આગાહી પણ કરી ચૂક્યું કે એપ્રિલ થી મે વચ્ચે કાળઝાળ ગરમી માટે તૈયાર રહેજો . અને આ કાળઝાળ એટલે ગયા વર્ષ કરતાં પણ એક-બે ડિગ્રી વધુ તાપમાન સાથેની ગરમી .

એક કે બે ડિગ્રીમાં શું થઈ જવાનું ? એમ જો વિચારતા હોવ તો વર્લ્ડ બેંકનો આ રિપોર્ટ ખાસ યાદ રાખજો . એનું કહેવું છે કે આવનારા થોડા જ વર્ષોમાં ભારતમાં ગરમીનો પારો માણસની સહનશક્તિની હદ કરતાં પણ વધી જશે . ભારતમાં ૨૦૦૦ થી ૨૦૦૪ અને ૨૦૧૭ થી ૨૦૨૧ વચ્ચે ગરમીને લીધે મોતને ભેટનાર લોકોના આંકડામાં અધધધ કહી શકાય એવો ૫૫% નો વધારો જોવા મળ્યો છે . ૨૦૨૨માં દેશે સૌથી વધુ હીટવેવવાળા દિવસો જોયા છે અને ૨૦૨૩ એનાથી પણ વધુ ગરમ થવાની આગાહી થઈ ચૂકી છે . બિહાર , ઝારખંડ , ગુજરાત , યુ. પી. , ઓડિસા, બંગાળ , છતીસગઢ , મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પારો વધુ ઊંચે જશે એની નોટિસ ઓલરેડી ઈસ્યુ થઈ ચૂકી છે . હવામાનશાસ્ત્રીઓ નોંધે છે કે ભારતમાં દર વર્ષે હીટવેવની તીવ્રતાની સાથે સાથે હિટવેવવાળા દિવસોની સંખ્યા પણ વધતી જાય છે અને આ ભારત માટે સિરિયસલી ચિંતાનો વિષય છે .

અને ભારત સરકાર આ ગંભીર વિષય પર પૂરતી ચિંતા કરે છે . અસલમાં વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં છેલ્લા બે વર્ષથી વધતી ગરમીને ખાળવાના ઉપાયરૂપે રાજ્યોને હીટ એક્શન પ્લાનનો સચોટ અમલ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે . હીટ એક્શન પ્લાનથી ગરમીને લીધે થતાં મૃત્યુ અટકાવવા , ગરમી સામે લોકોને રાહત મળે એવા પ્રયાસો કરવા અને વધુ પડતી ગરમી પડવાના કિસ્સામાં હોસ્પિટલોમાં અલાયદા વોર્ડ -દવાઓ-ડોકટરો રાખવાથી લઈને વધુ ગરમી પાડવાની સંભાવનાવાળા સ્થળોને ઓળખવા જેવા કાર્યો કરાય છે . કહેવાય છે કે દેશમાં અંદાજે ૧૦૦ જેટલા આવા હીટ એક્શન પ્લાન છે પણ ખાટલે મોટી ખોટ એ છે કે આમાંથી મોટાભાગના દિશાહીન અને ખરે ટાણે કામ આવે એવા નથી . અને આ હું નહીં પણ હમણાં જ આવેલી સેન્ટર ફોર પોલિસી રિસર્ચનો રિપોર્ટ કહે છે . ૧૮ રાજ્યોના ૩૭ જેવા હીટ એક્શન પ્લાનનું રિસર્ચ કર્યા પછી આવેલા રિપોર્ટનું કહેવું છે કે મોટાભાગના આવા પ્લાન સ્થાનિક પરિસ્થિતિ મુજબ નથી બનાવ્યા કે કાળઝાળ ગરમીનો સામનો કરવા સક્ષમ નથી . પ્લાન માટે સ્પેસીયલાઈઝ્ડ લોકોની કમી છે તો સરકારી અધિકારીઓ પહેલેથી જ ઓવરવર્કના લોડથી દબાયેલા છે . દેશમાં રહેલા ૧૦૦ જેવા આવા હીટ એક્શન પ્લાન માટે નાણાકીય જોગવાઈ ઓછી છે એટલું જ નહીં પણ એના અવલોકનો અને પરિણામોનું કોઈ સંકલન નથી પરિણામે મોટાભાગના પ્લાન ઓન પેપર જ રહી જાય છે અને પબ્લિક ગરમીમાં શેકાય છે . હીટવેવ માટેના આવા પ્લાન માટે ફંડ ક્યાંથી અને કોણ આપશે એ સ્પષ્ટ નથી થતું . જો કે મોદી સરકાર આની વિસંગતિતાઓ દૂર કરવા સતર્ક તો છે પણ હજુ એના પરિણામો બધાને મળે એ દિવસો દૂર છે .

એક મજાની વાત એ છે કે અમદાવાદમાં વર્ષ ૨૦૧૦માં પડેલી ભીષણ ગરમીમાં તાપમાન ૪૮ ડિગ્રી પહોંચી ગયેલું અને લગભગ ૭૦૦ લોકોનો ભોગ લઈ લીધેલ એ પછીથી અમદાવાદ મ્યુનિ કોર્પોરેશને પણ હીટ એક્શન પ્લાન અમલમાં મુકેલ અને દેશના ચુનીંદા સૌથી ઉત્તમ પ્લાનમાં અમદાવાદનું નામ સામેલ છે અને આ વર્ષે પણ અમદાવાદ મ્યુનિ કોર્પોરેશને હીટ એક્શન પ્લાન અમલમાં મૂકી દીધેલ છે .

પણ ગરમી વધતી જવાની એ દિવસો બહુ દૂર નથી જ . ક્લાઈમેટ ચેન્જના માઠા પરિણામો તો ક્યારના મળવા શરૂ થઈ ચૂક્યા જ છે અને એમાં ખાલી ભારત જ નહીં પણ આખી દુનિયા ચકરાવે ચડી ચૂકી છે અને એમાં પાછો ' અલ નિનો ' પણ પોતાનું ભરપૂર યોગદાન આપી રહ્યો છે એવામાં આ ઉનાળો પણ વધુ આકરો રહેવાની સંભાવનાએ મને ને તમને ચિંતામાં મૂકી દીધા છે . અસલમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન સહન કરતી વખતે માનવશરીરને હીટસ્ટ્રોકનો ખતરો આવી શકે છે . વધુ પડતી ગરમી પાણીની તંગી ઊભી કરી શકે છે . ચેન્નાઈ જેવા શહેરમાં દર ઉનાળે પાણીની તંગી ઊભી થાય છે જે વધુ ગરમીને લીધે દેશભરમાં સંકટ બની શકે છે . હમણાં જ મળેલી મિટિંગમાં પણ સરકારે પાણીના સ્તોત્રોને જાળવી રાખવા પર જોર આપેલું છે . જળાશયો સુકાઈ શકે છે એટલું જ નહીં પણ હિમાચલ જેવા વિસ્તારોના જંગલોમાં ઓસ્ટ્રેલીયા-અમેરિકાની જેમ દાવાનળ લાગી શકે છે . ભારતમાં છેલ્લા ૩૦ વર્ષોમાં લગભગ ૨૭૦૦૦ જેટલા લોકો હીટવેવ કે ગરમીનો શિકાર બની ગયા અને કરુણતા એ છે કે આમાંથી મોટાભાગના બાળકો , મજૂરો , વૃધ્ધો , ગર્ભવતી સ્ત્રીઓ કે ખેડૂતો હતા . સગવડવાળા લોકો પોતાની રીતે ગરમીનો હલ શોધી લેશે પણ આવા લાચાર અને મજબૂર લોકો સુધી હીટ એક્શન પ્લાન પહોંચે એ જરૂરી છે અને એના માટે સરકારની સાથે સાથે નાગરિકો અને સામાજિક સંસ્થાઓએ પણ આગળ આવવું પડશે એટલું જ નહીં પણ દુનિયાના તાપમાનમાં વર્ષે વર્ષે વધારો થવાનો છે એ નક્કી છે તો ગરમીને નાથવાના ઉપાય તરીકે વૃક્ષો વાવવા કે વૃક્ષો ઓછા કાપવા , ઈંધણના નવીન પ્રયોગો કરવા જેવા કે ઈલેક્ટ્રિક અને સીએનજી વાહનોનો વ્યાપ વધારવો , કાર્બનનું ઓછું ઉત્સર્જન થાય એવી રીતે ઉદ્યોગોનું સંચાલન કરવું થી લઈને આવી કાળઝાળ ગરમીમાં નિસહાય અને નિરાધારને ટેકો કરવો જેવી માનવીય ફરજોને અગ્રતા આપવી પડશે.

(akurjt@gmail.com)

સોસાયટીમાં ભીષણ ભાષણની વાત....

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ઉનાળાની રાત્રે સોસાયટીમાં ટોળી જામતી. મગનલાલ સાંજ પડે 'નવરી બઝાર' બની જતા એટલે એ સમય પસાર કરવાનું બહાનું શોધતા અને છગનલાલને મન પોતે બહુ મહાન છે એ બતાવવા સોસાયટીમાં નાની મોટી દરેક સભા સંબોધવાની મઝા આવતી. મોટે ભાગે એક નંબરના બંગલાના ઓટલે બેસતા. તો વળી સામે છેડે છોકરાઓ પણ સોસાયટીને ઝાંપે પાર્ક કરેલા સ્કૂટર્સ અને બીજાં ટુવ્હીલર્સ પર બેસતા. બધાને મઝા કરવાની ટેવ. છોકરાઓ ઈન્સ્ટાગ્રામ આવેલા કોઈ રીલ્સની વાત કરતા તો વડીલો કોઈ જુના જોક પર પરાણે હસતા. મગનલાલના કેસમાં એવું થતું કે એ ખબર ના પડે તો પણ બીજા હસે ત્યારે હસતા. જ્યારે છગનલાલ એમના ઉપનામ પ્રમાણે છદ્મવેશી હતા એટલે કે એમની બધી વાતો છદ્મભરી રહેતી, એ હસે તો યે કૃત્રિમ, વાતો કરે તો યે ફેકન્યુઝની એ એજન્સી હોય એવા કૉન્ફિડન્સથી વાત કરે. ક્યારેક સ્ત્રીઓને એમની ઓટલાપરિષદ અથવા સાવ જુની થઈ ગયેલી પરાણે પરાણે ચાલતી સીરીયલમાંથી સમય મળે તો જોડાય. અને જો જોડાય તો પાર્ટીઓ પણ થતી. પ્રોફેસર જળાશંકર ક્યારેક જ આવે, કારણ એમને વાંચવાની ટેવ. એમને ક્યારેક લાગતું કે આ બધું ફાલતું છે, સમયનો વધુ સારો ઉપયોગ કરવો જોઈએ.

આજે મગનલાલ સાવ જુનો ટી-શર્ટ પહેરીને આવ્યા હતા. એમનું આગળ વધેલું પેટ અને એમની અડધી ટાલને લીધે એ લાગવા જોઈએ એના કરતાં વધું ખરાબ લાગતા હતા. છગનલાલ એ જ લેબાશમાં હોય, એમના ખટપટિયા સ્વભાવને પ્રગટ કરતો ચોંકડીવાળો શર્ટ અને સેમી-લેંઘા જેવું પેન્ટ. કૃત્રિમ હાસ્યના આખા ગુજરાતના હોલસેલ ડીલર હોય એવી લુચ્ચી આંખો અને એને લીધે ગંદા લાગતા ચશ્મા. આજે કો'ક કારણસર સી.એન. પટેલ પણ સાથે હતા. સી.એન. એક એક્ઝીક્યુટીવ એન્જિનીયર તરીકે રીટાયર્ડ થઈને આ સોસાયટીમાં રહેવા આવ્યા છે, પ્રમાણમાં નવા છે પણ કદાચ સોસાયટીમાં એક વ્યવસ્થિત માણસ પણ છે એવું કહી શકાય એટલા વ્યવસ્થિત માણસ. મગનલાલના કહેવાથી એ મગનલાલના એક નંબરના બંગલામાં એમના પત્ની કાશ્મીરા સાથે આવ્યા. મગનલાલે સીએનનું ટીપીકલ સ્વાગત કર્યું, છગનલાલ આવીને બેઠેલા જ હતા એમણે એક વિચિત્ર નજર નાંખીને યુગલનું સ્વાગત કર્યું.

'નમસ્તે.. સૌને.. !'

મંગુબેન બોલ્યા 'નમસ્તે'..

સીએને કહ્યું, 'આ મારી પત્ની કાશ્મીરા છે, શિક્ષિકા હતી હવે નિવૃત્ત છે... ' છગનલાલે ઈતિહાસનું કોઈ પ્રકરણ ઘરમાં પ્રવેશ્યું હોય એમ નજર કરી.

તરત જ મગનલાલે બફાટની એમની તજ્ઞતા બતાવવા શરું કર્યું...

'કાશ્મીરમાં ખરું થયું ! બરફ પડવાનો હતો ત્યાં રેડ પડી, અને એક ઠગ માણસ પકડાઈ ગયો.. '

છગનલાલે કહ્યું, 'આ અચાનક નથી બન્યું, અનેકવાર ભુતકાળમાં આવું બન્યું છે... એકવાર જમ્મુમાં મારે પ્રવચન આપવાનું હતું, પણ ત્યાંના એક પ્રોફેસરે મારો પરિચય કરાવ્યા પછી એટલું મોટું ભુમિકા રુપ પ્રવચન આપ્યું કે મારે તો બોલવાનો સમય જ ના રહ્યો.. '

મગનલાલની બાજુમાં બેઠેલા એક બેઠીદડીના સજ્જન બોલ્યા, 'તો પછી તમે શું કર્યું... ' આ સજ્જન એટલે શાંતિલાલ શાહ, બહુ જ શાંત અને શાણા. પણ, સમજે બધું અને સેન્સ ઑફ હ્યુમર પણ સરસ. એમણે આગળ ચલાવ્યું, ' ઘણીવાર આવા લાંબા ભાષણ કરનારા લોકો ખુબ જ હિંસક રીતે શ્રોતાઓનો ખ્યાલ કર્યા વગર જ બોલ્યે રાખે છે... અને જમ્મુની પ્રજા તો આમેય કેટલું બધું સહન કરતી આવી છે ત્યાં પાછા તમે ગયા...' છગનલાલને એમ લાગ્યું કે શાંતિલાલ શાંતિનો ભંગ કરવા ઈચ્છે છે, છગનલાલે એમના મેંલા ચશ્મામાંથી ફરી એકવાર મેંલી નજર નાંખતા બોલ્યા, 'એટલે ??'

'એટલે, એમ કે આવી વિકટ પરિસ્થિતિ અને વિકટ પ્રદેશમાં તમે ભાષણ આપવા છેક ત્યાં ગયા... એ આપણા માટે ગૌરવની વાત છે... પ્રવચન ટુંકું આપ્યું કે લાંબું એ મહત્ત્વનું નથી... આપણી સોસાયટીના એક વક્તા આટલું સાહસ કરીને છેક જમ્મુ જઈને ભાષણ કરી આવ્યા એનું આપણને ગૌરવ છે અને બીજી બે ત્રણ વાર ગૌરવ છે... ' છગનલાલને ખબર તો પડતી હતી કે આ એમના પર હસી રહ્યા છે પણ દરેક વાતે કશોક બોધ લેવાની એમની ટેવ છે અને આવી દરેક ઘટનાનો દુરુપયોગ કરીને એ બોલ્યા જ કરે એ એમનો સ્વભાવ છે.

' આ ચિંતાનો વિષય હતો, અને છે... ૩૭૦થી પણ ઓછા શ્રોતાઓ હતા. અને આપણે ત્યાં કાર્યક્રમ જામતો જાય એમ શ્રોતાઓ વધતા જાય, અહીંની રસમ અને રિવાજ નોખા હતા તેના કારણે સુકવવા મુકેલા ચોખા એક એક કરીને વાર્તાની ચકલી ઉઠાવી જાય એમ શ્રોતાઓ ચાલતા થતા હતા... પણ પરીક્ષા આ જ તો હતી. આપણે ગુજરાતી માણસ ... ભલે શ્રોતાઓ આવી ઉદાસીનતા બતાવે, આપણે નહીં ગભરાવવાનું... લડી લેવાનું... મારું પ્રવચન શરું થયું ત્યારે માંડ પચ્ચીસ બચેલા. પણ મેં તો આપણા અનેક વિશુધ્ધ સાહિત્યકારોની જેમ સ્થિર બુધ્ધિ રાખી, ભગવદગીતામાં કહ્યું છે તેમ યોગીની જેમ ભાષણ ઠોક્યું... '

અહીં મગનલાલને તાળીઓ પાડવાની ઈચ્છા થઈ આવી હતી પણ મંગુબેંન સામે જ બેઠા હતા એટલે અટકી ગયા. મંગુબેંને કહેલું તમે કમોસમી વરસાદની જેમ ગમે ત્યારે તાળીઓ પાડો છો એના લીધે ભુંડા લાગો છો... વાત પુરી થાય અને તથ્ય હોય તો જ તાળીઓ પાડવાની... છગનલાલને વાતમાં દમ લાગેલો, પણ આ છગનલાલ તો કાયમ દમ વગરની વાતો કરે તો પ્રજા તરીકે શું આપણે આપણી તાળીઓ પાડવાની શક્તિ ગુમાવી દેવાની... આ તો ક્યાં નો ન્યાય... એટલે એમણે સવાત્રણ મિનિટ પછી તાળીઓ પાડી.. ત્યારે છગનલાલે એમના ખંધા હાસ્યથી આભાર માન્યો...

વાંચનયાત્રા અને મેથોડોલોજી

પમરાટ
મિત્તલ પટેલ

મોબાઇલમાં જમાનામાં વાંચનની વાત કરવી એટલે રણમાં મૃગજળની વાત કરવા જેવી છે. પણ વાંચન એ મૃગજળ નહીં, જીવનમાં દરેક ઉતાર-ચઢાવમાં જીવનરસ જાળવી રાખતું એક અમૃતજળ છે. સમૃદ્ધિ માનસિક શાંતિની હશે તો જ જીવનમાં દરેક તબક્કે દરેક પાસાને બખૂબીપૂર્વક સાચવી શકશો. જીવનનો ઉદ્દેશ જાણવો હોય, પોતાનાં "સ્વ" ને સાચાં અર્થમાં જીવતેજીવ જાણવું તેની નજીક જવું હોય તો પુસ્તકો જીવાદોરી સાબિત થશે.

વાંચનનું સૌથી મોટો ફાયદો વ્યક્તિમાં કોઈપણ અન્ય વ્યક્તિ કે પરિસ્થિતિને મુલવવાના નવાં નવાં દ્રષ્ટિકોણ કેળવે છે.

જનરલી આપણે કોઈપણ વ્યક્તિ કે કોઈપણ પરિસ્થિતિને માત્ર એક જ દ્રષ્ટિકોણથી જોતાં હોઈએ છીએ. તેનાં ઘણાં બધા પાસા, ઘણા બધા એંગલ્સ હોઈ શકે છે. જો કોઈ પણ પરિસ્થિતિને સાચી રીતે ત્યારે જ પારખી શકાય અથવા સાચી રીતે ત્યારે જ મૂલવી શકાય, જો તેને અલગ અલગ પાસાથી ચકાસવામાં આવે. કોઈ પણ વ્યક્તિને ઓળખવા, સમજવા દ્રષ્ટિકોણની સીમા વિસ્તારવામાં આવે, બાહ્ય રીતે દેખાતી અને પહેલી નજરમાં દેખાતી બાબત હંમેશા સાચી નથી હોતી. અને આ વિચારશક્તિ આ દ્રષ્ટિકોણ વાંચન આપે છે. જો નિદાન સાચું હોય તો તેનો ઉપાય સરળતાથી કરી શકાય છે. આપણી વિચારશક્તિ બરાબર વિકસિત ન હોય તો, જિંદગીમાં અમુક સંજોગોમાં વિચારોના વાવાઝોડાના ટ્રાફિકમાં સ્ટક થઈ જતા હોઈએ છે. ઓવરથીંકીંગના ચક્રવ્યુમાંથી બહાર આવી શકતા નથી. એટલે યોગ્ય નિર્ણય લઈ શકતા નથી.

આપણાં વિચારો અને લાગણીઓને યોગ્ય દિશામાં લય અને દિશાઓ આપતી માનસિક કસરત એટલે વાંચન.

જીવનની ગુણવત્તા આપણા વાણી, વર્તન અને જીવનમાં આવતી મુશ્કેલીઓને અને વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેવાની, સરવાઈવ કરવાની કરવાની હિંમત અને સૂઝબુજમાંથી આવે છે. માણસ પૈસાદાર છે, એટલે સમૃદ્ધ છે એમ ન કહી શકાય. બાળકના પરીક્ષામાં સારા માર્કસ આવે છે, એટલે કે હોશિયાર છે એવું ન કહી શકાય. એવી જ રીતે જીવનમાં ફેસિલિટીઝ ઓછી છે એટલે માણસ દુ:ખી છે, એવું પણ ન કહી શકાય. માણસ પાસે થ્રી બીએચકે ફ્લેટ અને ફોરવીલ નથી એટલે તેના જીવનમાં માત્ર પીડા જ છે તકલીફો જ છે એવું કોઈ સમીકરણ નથી. માણસ ઇલલીટરેટ છે એટલે તે ગણેલો અને ઘડાયેલો નથી એવું ન માની લેવાય. મોટી ડીગ્રી નથી, માત્ર ખેડૂત છે એટલે તેનું સ્ટેટ ઓફ લેવલ કતીક ઓછું છે એવું ન કહી શકાય. પુરુષની આંખમાં પણ ક્યારેક આંસુ આવે છે, એટલે તે કમજોર છે એવું તો બિલકુલ જ ન કહી શકાય. ગાંધીજી જેલમાં ગયાં, એનો મતલબ એવો નથી કે તે ગુનેગાર જ હતા. તે જ રીતે જીવનમાં યોગ્ય સમયે, જે તે વ્યક્તિ અને પરિસ્થિતિને સાચી રીતે જજ કરવાં, મુલવવા પણ વાંચન એક સાચો દ્રષ્ટિકોણ પૂરો પાડે છે..

વાંચન માત્ર નોલેજ માટે હોય એવું બિલકુલ નથી હોતું. વાંચન એ આત્માનો ખોરાક હોય છે. વાંચન મન અને મગજને ચેતનવતું રાખે છે. ક્રિએટિવ રાખે છે. લાઈવ રાખે છે. વિચારશીલ રાખે છે.

માણસને જડ બનતા અટકાવે છે. વાંચન માણસને "જડતા"માંથી "પ્રવાહીતા" તરફ લઈ જાય છે.

માણસના સ્વભાવમાં પ્રવાહિતા ઉમેરે છે. નવા નવા વિચારો અને તે સ્વીકારી શકે છે. હું વિચારું તે જ સાચું, એવી ગ્રંથિમાંથી બહાર કાઢી બીજાનો વિચાર મારાં કરતાં અલગ હોઈ શકે તેઓ સ્વિકાર કરતાં શીખવે છે. સામેવાળાના અલગ વિચાર, અલગ જીવનશૈલી, બદલાતી દુનિયા અને બદલાતા જીવનમૂલ્યો પ્રત્યે સ્વીકારભાવ આપણાં સ્વભાવમાં લાવે છે.

પરિવર્તન સ્વીકાર્ય બને તો જ માણસ પ્રગતિ કરી શકે છે. આપણે આપણી જૂની માન્યતાઓ, ગ્રંથિઓથી પર થઈ સમાજ માટે ઉપકારક હોય તેવા બદલાવો કરી શકવા સક્ષમ એવી નવવિચારધારાઓનો સ્વીકાર કરવો જ રહ્યો તો જ વ્યક્તિ, સમાજ કે દેશ પ્રગતિ કરી શકે.

હા, વાંચનની આદત કેળવી શકાય છે. મા બાપને નિયમિત વાંચતા જોશે, તો જ બાળક હાથમાં પુસ્તક પકડશે. બાળકની વાંચનરસ જાગશે. રોજ ત્રણ ચાર પાના પણ વાંચવાની આદત પાડો. શરૂઆતમાં બહુ ફીલોસોફીથી ભારેખમ ભરેલા પુસ્તકો વાંચવાનું માંડી વાળો. હળવી શૈલીના નાની-નાની નવલિકાઓ, રસપ્રદ નાની નાની બુકલેટ્સથી વાંચવાની શરૂઆત કરી શકાય. નાની નાની બુકલેટ્સથી વાંચનની આદત કેળવી બહુ સહેલી થઈ પડે છે અને બાળકો માટે ચિત્ર વાર્તાઓ, આધુનિક ભાષામાં કોમિક બુક્સ, તેમને રસ પડે તેવાં પુસ્તકો લાવી આપી વાચનની આદત કેળવી શકાય. પુસ્તકો વાંચવાનું ફોર્સ કરવાની જરૂર નથી. થોડાક આવાં પુસ્તકો ખરીદી ઘરના ડ્રોઈંગ રૂમમાં મૂકો માણસ હોય કે બાળક મૂળ સ્વભાવે કુતુહલ હોય છે. ક્યારેક તો કુતુહલતાવશ પણ તે પુસ્તક ખોલીને વાંચશે. અને આપોઆપ તેમનામાં વધુ વાંચવાની ઈચ્છા જાગૃત થશે. જો ફોર્સ કરીને અને મન જોડે જબરજસ્તી કરીને વાંચન માટે પ્રેરીત કરવાની કોશિશ કરવામાં આવશે તો, તે ડરની માર્યા થોડોક સમય ટકશે. આદતમાં પરિવર્તીત નહીં જ થાય. તે માટે બાળક હોય કે આપણે સહજતાથી વાંચન તરફ વળીએ અને વાળીએ તે માટે ધીરજ કેળવવી પડશે. નજર સમક્ષ આવાં થોડા પુસ્તકો રાખો. એક સાથે બહુ બધુ નહીં, પણ થોડાં થોડાં પાના વાંચવાના ટેવ પાડો. અશ્વિની ભટ્ટની પુસ્તકો, શૈલેષ સગપરીયાની નાની નાની બુકલેટ્સ, કૃષ્ણકાંત ઉનડકટની સરળ ભાષાની પણ શ્રેષ્ઠ સંદેશો આપતી પુસ્તિકાઓથી વાંચનની શરૂઆત કરી શકાય. બાળકો માટે ગુજરાતી માધ્યમ હોય કે અંગ્રેજી માધ્યમ ઈસપની બાળવાર્તાઓ, ગિજુભાઈની બાળવાર્તાઓથી શરૂ કરી, સુધા મૂર્તિની મૂલ્ય શિક્ષણ આપતી બાળકોની પુસ્તકોથી વાંચવાની શરૂઆત કરી શકાય. ઘરમાં ન્યૂઝપેપર વાંચવાની ટેવ બાળકો અને મોટેરાઓને અવશ્ય પાડવી જોઈએ. ત્યાંથી વાંચનના ક, ખ, ગ ની શરૂઆત થાય છે. પુર્તિઓના નાના નાના લેખ વાંચન માટે ઇંધણ પૂરું પાડે છે.